Managed by Jivan Jyot Trust, Amroli - Surat
J. Z. SHAH ARTS & H. P. DESAI COMMERCE COLLEGE, AMROLI - SURAT
Grant in Aid College Affiliated to Veer Narmad South Gujarat University, Surat
B. A. [Principal - Gujarati & Economics] - B. Com. [Eng. & Guj. Medium]
M. A. [Gujarati, English, Economics] - M. Com. [Accountancy - English & Gujarati Medium]
Re-Accredited 'B++' (CGPA 2.94) by National Assessment And Accreditation Council Sept.-2019 Bengaluru
An ISO 9001 : 2015 Certified Institute
Estd. Year : 1991

**Out Ref. No.: 1056/2020-21**
**Date: 22-04-2021**

પ્રતિ,
આદરણીય તંત્રીશ્રી/આદરણીય સંચાલકશ્રી,
સુરત.

સુજ્ઞ મહાશય,
સવિનય જણાવવાનું કે, આ સાથેના સમાચાર આપશ્રીના સુપ્રસિધ્ધ અખબારમાં વિનામૂલ્યે છાપી આભારી કરશોજી.

સહકારની અપેક્ષા સહ,

આપનો વિશ્વાસુ,

ડૉ.કે.એન.ચાવડા
આચાર્યશ્રી.

## અમરોલી કોલેજ દ્વારા "કોવિડ-૧૯ના સમયમાં રકતદાન અને પ્લાઝમા દાનનું મહત્વ" વિષય પર ૪૫ માં નેશનલ વેબીનારનું આયોજન

જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઇ કોમર્સ કોલેજ, અમરોલી દ્વારા તા.૨૨, એપ્રિલ ૨૦૨૧ ગુરૂવારના રોજ "કોવિડ-૧૯ના સમયગાળામાં રકતદાન અને પ્લાઝમા દાનનું મહત્વ" વિષય અંતર્ગત **Zoom, Microsoft Team, You Tube, Twitter, Face Book** અને **Instagram** ના માધ્યમથી ૪૫માં નેશનલ વેબીનારનું આયોજન થયું હતું. અમરોલી કોલેજના આચાર્યશ્રી ડૉ.કે.એન.ચાવડાએ શુભેચ્છા પાઠવી આર્શીવચનો આપ્યા હતા. જેમાં મુખ્ય વકતા તરીકે સુરત રકતદાન કેન્દ્ર એન્ડ રિસર્ચ સેન્ટરના વહીવટી અધિકારીશ્રી પરિમલ વ્યાસ અને ડાયરેકટરશ્રી ડૉ. સુમિત ભરડવા ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિવિધ કોલેજના ૬૧૧૭ જેટલા વિદ્યાર્થીઓને સંબોધિત કર્યા હતા. આદરણીયશ્રી પરિમલ વ્યાસે રકતદાનના મહત્વ વિશે ચર્ચા કરી હતી. તેમણે જણાવ્યુ કે કોવિડ-૧૯ પરિસ્થિતિમાં રકતની માંગ ખૂબ જ મોટા પ્રમાણમાં ઉભી થઇ છે. વિવિધ દાતાઓ દ્વારા ગયા વર્ષની સરખામણીમાં ૪૦% રકતદાન ઘટયું છે. હાલની પરિસ્થિતિમાં રકતની અછતને લીધે ઘણા ઓપરેશન મુલતવી રાખવા પડયા છે. તેમણે લોકોને મોટી સંખ્યામાં રકતદાન કરવા હાંકલ કરી હતી. તેમણે જણાવ્યુ કે કોઇ પણ તંદુરસ્ત વ્યકિત દર ત્રણ મહિને રકત આપી શકશે. રકતદાનને સૌથી શ્રેષ્ઠ દાન માનવામાં આવે છે. શ્રી પરિમલ વ્યાસે જણાવ્યુ કે વેકસીનેશન એટલે કે કોરોનાની રસી મુકાવતા પહેલા અવશ્ય રકતદાન કરવું જોઇએ કારણ કે રસી લીધાના ૨૮ દિવસ સુધી રકતદાન કરી શકાય નહી. પ્લાઝમાના મહત્વ વિશે સુરત રકતદાન કેન્દ્ર એન્ડ રિસર્ચ સેન્ટરના ડાયરેકટરશ્રી ડૉ. સુમિત ભરડવાએ માર્ગદર્શન આપ્યુ હતું. કોરોનાની પરિસ્થિતિમાં કોવિડ દર્દીની સારવારમાં પ્લાઝમા થેરાપીને એક ઉપયોગી થેરાપી માનવામાં આવી છે. પ્લાઝમા થેરાપી ૧૨૦ વર્ષ કરતાં વધુ જુની પધ્ધતિ છે. જયારે દુનિયામાં એન્ટિબાયોટિક દવાની શોધ ન થઇ હતી ત્યારે પણ એક દર્દીની એન્ટિબોડી કાઢી બીજા દર્દીને આપવામાં આવતી હતી. પ્લાઝમા એક પ્રકારની એન્ટિબોડી જ છે. જે રકતમાંથી શ્વેતકણ અને રકતકણ કાઢી પ્લાઝમાને અલગ કરવામાં આવે છે. કોઇ પણ સાજા થયેલો કોરોનાનો દર્દી ૨૮ દિવસથી ૬ મહિના સુધી પ્લાઝમાનું દાન કરી શકશે. પ્લાઝમા દર ૧૫ દિવસે દાન કરી શકાય. સુરત રકતદાન કેન્દ્ર એન્ડ રિસર્ચ સેન્ટરમાં પ્લાઝમા અને રકતદાન કરવા આવનાર દાતાઓની વિવિધ તપાસ કર્યા પછી જ પ્લાઝમા લેવામાં આવે છે. તેમણે સાજા થયેલા દરેક કોરાના દર્દીને પ્લાઝમાનું દાન કરવા માટે જણાવ્યુ હતું. ઘણા લોકોમાં એવી ગેરમાન્યતા છે કે જો શરીરમાંથી એન્ટિબોડી કાઢી લેવામાં આવે તો તેમને ફરીથી કોરોના થવાનું જોખમ રહેશે પરંતુ તે એક ગેરસમજ છે. તેમણે જણાવ્યુ કે દરેક કોરોના દર્દીને પ્લાઝમાની જરૂર હોતી નથી એક ડૉકટર જ નકકી કરી શકે કે દર્દીને પ્લાઝમાથી ફાયદા થશે કે નુકશાન. પ્લાઝમાને બિનજરૂરી આપવાથી નુકશાન પણ થઇ શકે છે.

તેમણે દર્શક મિત્રોના પ્રશ્નોના પણ ખૂબ જ સરસ જવાબો ઉદાહરણ સહિત આપ્યા હતા. મુખ્ય વકતાશ્રીનો પરિચય ડૉ. ચિરાગ સિધ્ધપુરીયા તેમજ આભારવિધિ ડૉ. મેહુલ શાહે કરી હતી. વેબીનારનું સંચાલન જીવન જયોત ટ્રસ્ટ, અમરોલીના પ્રમુખશ્રી ભરતભાઇ શાહ, અમરોલી કોલેજના આચાર્યશ્રી ડૉ.કે.એન.ચાવડા, ડૉ. સેજલ દેસાઇ, ડૉ. ચિરાગ સિધ્ધપુરીયા, ડૉ. મયંક સોઢા તેમજ શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓ દ્વારા સફળતા પૂર્વક કરવામાં આવ્યું હતું.

**You Tube Link:** https://youtu.be/PYiK_5-cX6o

E-mail : principal@acs.ac.in Website : www.acs.ac.in Ph. No. : (0261) 2499382-2495288-2495600-2409002 +91 90991 33386
At. & Post : AMROLI-SURAT-394107, STATION : UTRAN (W.R.), TA. CHORYASI, DIST : SURAT, GUJARAT (INDIA)